ગાંધીનગર સમાચાર

મેગા કોમ્પિટીશન ૨૦૧૬ના ઓડીશન માટે યુવા ટેલેન્ટ ઉમટયું

## @ગાંધીનગર

● રમઝાન માસ નિમિત્તે શહેરી ૪.૨૦ કલાકે પૂર્ણ થશે અને ઈફતાર સમય ૭.૨૮ કલાકનો રહેશે.

● ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા સાંજે ૫.૩૦ કલાકે નમન એપાર્ટમેન્ટ, સે-૨૧ ખાતે સર્જકની કેફીયત કાર્યક્રમ અંતર્ગત વિજયસિંહ ચાવડાની સ્વરચિત કાવ્યનું પઠન કરવામાં આવશે.

● ગાંધીનગર વૈષ્ણવ સમાજ દ્વારા સાંજે ૬.૩૦ કલાકે હવેલી મંદિર, સે-૨૧ ખાતે આમ્રકુંજનો મનોરથ યોજાશે.

● ફાઈનલ ડેસ્ટીનેશન દ્વારા સે-૧૧, હોટલ મીડ વે (સુમન ટાવર) ખાતે મેગા કોમ્પીટીશન ૨૦૧૬ના ઓડિશનનો કાર્યક્રમ યોજાશે.

● સે-૧૯ જીમખાના ખાતે સવારે ૬ થી ૭.૧૫ કલાક દરમિયાન યોગ શિબિર યોજાશે.

● માનવ વિકાસ ક્રેડિટ એન્ડ સપ્લાય કો.ઓ. સોસાયટી લિ.ની વાર્ષિક સાધારણ સભા સવારે ૯.૦૦ કલાકે પ્લોટ નં. ૧૭૫૭/૨, સે-૨-ડી ખાતે યોજાશે.

● ડૉ. લાલ પેથ લેબ્સ લિ., આશિષ પેથોલોજી લેબોરેટરી, હોલીસ્ટીક હોમિયોપેથીક કલીનીક અને પંચેદવ મંદિર ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે સવારના ૮ થી ૧૧ કલાક દરમિયાન સે-૨૨, પંચદેવ મંદિર ખાતે રાહતદરે નિદાન કેમ્પ તેમજ હોમિયોપેથીક સારવાર કેમ્પ યોજાશે.

● ભારતીય જૈન સંઘટના અને જૈન સોશ્યલ ગૃપના સહયોગથી સવારે ૯.૩૦ થી ૧૧ કલાક દરમિયાન સે-૧૭, ટાઉનહોલ ખાતે જૈન સમાજ માટે અગત્યનું પ્રવચન યોજાશે.

● સચિવાલય જીમખાના સે-૨૧ ખાતે ફ્રી બોડી ચેકઅપ નિદાન કેમ્પ યોજાશે.

● પ્રેરણા પ્રગતિ મંડળ દ્વારા સમાજના વિદ્યાર્થીઓને સવારે ૯ થી ૧૧ અને સાંજે ૬ થી ૬ કલાક દરમિયાન ૫૦ ટકાના દરે ચોપડા વિતરણનો કાર્યક્રમ યોજાશે.

# મુસાફરો ભરેલી એસ.ટી. બસ સળગી ઉઠતા અફડાતફડી

## ગાંધીનગરથી બાપુનગર જતી બસ કોબા-અંબાપુર રોડ પર અચાનક સળગવા લાગી : મુસાફરોનો આબાદ બચાવ

ગાંધીનગર, તા.૧૧

ચંડોળા ડેપોની એસ.ટી. બસ ગાંધીનગરથી બાપુનગર તરફ જવા આજે સવારે મુસાફરો ભરીને નીકળી હતી. કોબા-અંબાપુર માર્ગ પર બસ પહોંચી ત્યારે અચાનક કોઈ કારણોસર એન્જીન આગળના ભાગથી આગ ભભુકી ઉઠી હતી. ચાલુ બસો આગ લાગતા અફડાતફડી મચી જવા પામી હતી. મુસાફરો અને ડ્રાઈવર-કડંકટર તાબડતોબ બસમાંથી ઉતરી ગયા હતા અને ફાયરબ્રિગેડનો જાણ કરાતા ગાંધીનગર ફાયરબ્રિગેડની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. પાણીનો મારો ચલાવી આગ કાબુમાં લઈ લેવામાં આવી હતી. સદભાગ્યે ઘટનામાં કોઈ જાનહાની કે ઈજા થવા પામી નથી. એસ.ટી. બસ આગળથી સળગી જવા પામી હતી. શોર્ટ સર્કીટથી આગ લાગી હોવાનું માનવામાં આવી રહ્યું છે.

પ્રાપ્ત માહિતી મુજબ આજે સવારે ચંડોળા ડેપોની એસ.ટી. બસ નં. જીજે ૧૮ વી ૯૮૨૭ને લઈને ડ્રાઈવર રફીકભાઈ સીપાઈ ગાંધીનગરથી મુસાફરો ભરીને બાપુનગર તરફ લઈ જઈ રહ્યા હતા. તેમાં કડંકટર જસવંતભાઈ સુતરીયા તથા ૨૦ જેટલા મુસાફરો પણ બેઠેલા હતા. આ બસ કોબા સર્કલથી અંબાપુર તરફના માર્ગ પર વળી અને થોડે આગળ ગઈ ત્યાં બસની આગળના ભાગેથી આગ ભભુકી ઉઠી હતી. ડ્રાઈવરે બસ ઉભી કરી દઈ મુસાફરોને અને કડંકટરને તાત્કાલીક નીચે ઉતારી દીધા અને પોતે પણ સમયસર બસમાંથી ઉતરી ગયા હતા. દરેકના જીવ તાળવે ચોંટી ગયા હતા. ગાંધીનગર ફાયરબ્રિગેડને આ ઘટના અંગે કોલ મળતા સવારે તાબડતોબ ઘટના સ્થળે પહોંચી જઈ ફાયર ઓફીસર મહેશ મોડ તથા ટીમે ૮.૨૦ થી ૯.૩૫ના સમયગાળા દરમિયાન પાણીનો મારો ચલાવી આગ કાબુમાં લઈ લીધી હતી. આ ઘટનામાં સદનસીબે કોઈને ઈજા કે જાનહાની થવા પામી નથી. જો કે બસનો આગળનો ભાગ સળગીને ખાખ થઈ જવા પામ્યો છે. આગ શોર્ટ સર્કીટથી લાગી હોવાનું પ્રાથમિક દષ્ટિએ મનાઈ રહ્યું છે. જો કે તે અંગે તપાસ ચાલી રહી છે.



## વાતવાતમાં

● પ્રિ-મોન્સુન કામગીરીના પગલે તંત્ર દ્વારા સરગાસણ વિસ્તારમાં 'કોશ'ની સાફ સફાઈનું કામ હાથ ધરાયું છે. ઝાડી ઝાંખરા સહિત અનેક પ્રકારના કચરાનું ઘર બનેલી કોશમાં વરસાદી પાણી વહેતું અટકે નહી તે માટે આ પગલા લેવામાંઆવ્યા છે.

● સરગાસણ વિસ્તારમાં કાર્યરત વેદ ઈન્ટરનેશનલ સ્કૂલનું સે-૨૫ જીઆઈડીસીમાં કેમ્બે રિસોર્ટની પાછળ બનેલ નવીન મકાનનું ઉદઘાટન કરાયું હતું. આ ઉદઘાટન પ્રસંગે સંકુલમાં હોમ હવનનુંઆયોજન કરવામાં આવ્યું હતું.

● સે-૨૭માં ગાયત્રીનગર સોસાયટીમાં બપોરના સુમારે એક વૃદ્ધ મહિલાની ગરમીના કારણે તબિયત લથડતા થયેલી ગંભીર હાલતના કારણે ૧૦૮ ઈમરજન્સી સેવાને કોલ કરાયો હતો. જો કે ફોન પર લખાવેલા સરનામા સમજણ ફેર થવાથી ૧૦૮ એમ્બ્યુલન્સ થોડી મડી પડી પરંતુ સદભાગ્યે તે દરમિયાન વૃધ્ધાની તબીયત સુધરી જતા સગાવ્હાલાએ રાહતનો દમ લીધો હતો.

● શહેરમાં બે દિવસથી વાતાવરણ વાદળછાયુ રહેવાથી તાપમાનનો આંક નીચો આવતા શહેરીજનો રાહતની લાગણી અનુભવી રહ્યા છે. એમાં પણ શનિવારના દિવસે સતત પવન ફુંકાતો રહેવાથી તથા સૂરજદાદાની વાદળો સાથેની સંતાકૂકડી ચાલુ રહેવાથી વાતાવરણ સાનુકુળ રહેવા પામ્યુ હતું.

# મેગા કોમ્પિટીશન ૨૦૧૬ના ઓડીશન માટે યુવા ટેલેન્ટ ઉમટયું

## ઓડીશનના પહેલા દિવસે ફેશન શૉ, ડ્રોઈંગ, રંગોળી, બેસ્ટ આઉટ ઓફ સ્કેપ તથા ડાન્સ માટે ટેસ્ટ લેવાયા









ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરમાં પ્રથમવાર ફાઈનલ ડેસ્ટિનેશન દ્વારા મેગા કોમ્પિટીશન ૨૦૧૬નું આયોજન કરવામાં આવ્યું છે. આ આયોજનમાં યોજાનારી વિવિધ સ્પર્ધાઓ માટે આજે સેકટર-૧૧માં સુમનસીટી કોમ્પ્લેક્ષ ખાતે હોટલ મીડવેમાં ઓડીશન યોજાયા હતા. જેમાં શહેરના બાળકોથી માંડીને યુવા વર્ગ સહિત મોટી સંખ્યામાં સ્પર્ધકો ઉમટી પડયા હતા. આજે ડ્રોઈંગ, રંગોળી, બેસ્ટ આઉટ ઓફ સ્કેપ, ડયુએટ એન્ડ ગૃપ ડાન્સ તથા ફેશન શૉ માટેના ઓડીશન યોજાયા હતા.

મેગા કોમ્પિટીશન ૨૦૧૬એ સમગ્ર શહેરમાં ભારે ઉત્તેજના ફેલાવી છે. આ સ્પર્ધાઓમાં ગાંધીનગરના બાળકો, યુવાનો તથા વયસ્ક ટેલેન્ટેડ સ્પર્ધકો પોતાની પ્રતિભા દેખાડવા થનગની રહ્યા છે. આજે ઓડીશનના પહેલા દિવસે ફેશન શૉ માટે કુલ ૫૧ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેમાં સૌથી વધુ ૩૦ યુવાનોએ ભાગ લીધો હતો જયારે કવીન એન્ડ કિંગ કેટેગરી માટે ૧૩ જેટલા આધેડ સ્પર્ધકોએ ઓડીશન ટેસ્ટ આપ્યા હતા. ડ્રોઈંગ કોમ્પિટીશનમાં પણ ૧૪ બાળકોએ ઓડીશન ટેસ્ટ આપ્યા હતા તેમજ રંગોળીમાં ૬, બેસ્ટ આઉટ ઓફ સ્કેપ માટે ૨ અને ડાન્સ માટે ડયુએટ અને ગૃપમાં કુલ ૯ ટીમોએ ઓડીશન આપ્યું હતું. આજના ઓડીશન માટે જીતુભાઈ ચૌહાણ, અબોલી ભટ્ટ તથા ચંદ્રેશ સોનીએ સેવાઓ આપી હતી.

ઓડીશન દરમિયાન સમગ્ર માહોલ જીવંત અને રોમાંચક બની ગયો હતો.

# વૈષ્ણોદેવી સર્કલ નજીકથી ૧૮ લાખની આઈવા ટ્રક ચોરી થઈ ગઈ...!

## ડ્રાઈવર મઢુલી હોટલ સામે ટ્રક પાર્ક કરીને સામે ચાની કીટલીએ ગયો ત્યાં કોઈ ટ્રક ઉપાડી ગયુ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર આસપાસના વિસ્તારમાં બાઈક-સ્કૂટર કે મોપેડ ચોરી તો વધી જ છે તે ઉપરાંત ગાડી અને રિક્ષાઓ પણ ચોરી થતી હોવાનું જાણવા મળે છે. પરંતુ હવે તો વાહનચોરો પણ 'નાના'માં હાથ નથી નાંખતા..! ટ્રેકટર, ટ્રક, ડમ્પર જેવા મોટા વાહનો ઉઠાવવા લાગ્યા છે. અને આ ચોરોને પોલીસનો સ્હેજ પણ ભય રહ્યો નથી. કલેકટર કચેરીથી વર્ષ પહેલા ત્રણ ડમ્પર ચોરાયા બાદ ઘણા આવા બનાવો ધ્યાને આવ્યા હતાં તાજેતરમાં બાલાપીર ચોકડીથી ડમ્પર ચોરાયું હતું ને મળી પણ ગયું હતું ત્યારે ગઈ કાલે વહેલી સવારે વૈષ્ણોદેવી સર્કલ નજીકથી આઈવા ટ્રકની ઉઠાંતરી થઈ હોવાનું ધ્યાને આવ્યું છે. આ મામલે અડાલજ પોલીસ મથકમાં ગુનો દાખલ થવા પામ્યો છે.

મળતી માહિતી મુજબ આણંદના અશ્વીનપુરી દેવપુરી ગોસ્વામી ટ્રાન્સપોર્ટનો વ્યવસાય કરે છે તેમની આઈવા ટ્રક નં. જીજે ૧ ડી.એકસ ૨૨૭૬ને લઈને ગઈ કાલે વહેલી સવારે સરખેજથી અશોકજી વસરામભાઈ ઠાકોર નામનો ડ્રાઈવર ગાંધીનગર તરફ આવવા નીકળ્યો હતો. સવારે પાંચેક વાગે ડ્રાઈવરે વૈષ્ણોદેવી સર્કલથી થોડે આગળ મઢુલી હોટલ સામે ટ્રક ઉભી રાખી અને સર્કલ પાસે ચાની કીટલીએ ચેહર ટી સ્ટોલ ખાતે ચા પીવા ગયો હતો. ચા પીને ડ્રાઈવર અશોક પરત આઈવા ટ્રક જયાં પાર્ક કરી હતી ત્યાં ગયો તો ટ્રક ગાયબ હતી. રૂ. ૧૮ લાખની કિંમતની આખે આખી ટ્રકની ચોરી કરી ચોર રફફુચક્કર થઈ ગયો અને આસપાસમાં કોઈને ખ્યાલ પણ ન આવ્યો! ટ્રકમાં રૂ. ૨૫ હજારની કિંમતનું એક લેપટોપ પણ હતું. આ મામલે ડ્રાઈવરની ફરિયાદ લઈ અડાલજ પોલીસે ગુનો દાખલ કરીને સીસીટીવી ફુટેજ તપાસવાની કામગીરી શરુ કરી છે.



ગાંધીનગરની સ્વીટસ મેલોડીસ સંસ્થા દ્વારા સિંગર્સ કલબના મેમ્બર માટે સેકટર-૧૨ આંબેડકર હોલ ખાતે મ્યુઝિકલ નાઈટના એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. નગરના નવોદિત કલાકારોને મંચ મળે તેવા આશયથી યોજાયેલા આ કાર્યક્રમમાં ૧૬ કલાકારોએ વિવિધ ગીતો રજૂ કર્યા હતા. સ્વીટસ મેલોડીસના ભવ્ય રાવલ તથા તેમની ટીમ દ્વારા સંગીત સંચાલન કરવામાં આવ્યું હતું.

# રાંધેજા ફાટક પાસે બાઈક સ્લીપ થઈ જતા યુવાનનું મૃત્યુ

## દશ દિવસથી હોસ્પીટલમાં જીવન-મરણ વચ્ચે ઝોલા ખાતો હતો : સારવાર દરમિયાન અંતિમ શ્વાસ લીધો

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર નજીક આવેલા રાંધેજા ગામમાં રહેતો ૩૨ વર્ષીય યુવાન પ્રકાશ શંકરભાઈ ઠાકોર ૩૦ જુને બાઈક લઈને રાંધેજા રોડ પરથી પસાર થઈ રહ્યો હતો તે દરમિયાન રાંધેજા ફાટક પાસે અચાનક તેનું બાઈક સ્લીપ થઈ જતા તે ગંભીર રીતે ઘવાયો હતો અને લોહી લુહાણ હાલતમાં અમદાવાદ સિવિલ હોસ્પિટલ લઈ જવાયો હતો. દશ દિવસથી તે હોસ્પિટલમાં જીવનમરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યો હતો. દરમિયાન ગઈ સાંજે તેનું સારવાર દરમિયાન પ્રાણ પંખેરૂ ઉડી ગયું હતું. પેથાપુર પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# શહેરમાં રથયાત્રાના આયોજન અંગે આજે બેઠક

ગાંધીનગર, તા.૧૧

રથયાત્રા મહોત્સવ સમિતિ સેકટર-૨૨ ગાંધીનગર પંચદેવ મંદિર દ્વારા તા. ૬ઠ્ઠી જુલાઈના રોજ નીકળનાર ભગવાનશ્રી જગન્નાથની રથયાત્રાના આયોજનના ભાગરૂપે જનરલ મીટીંગનું આયોજન કરેલ છે. ધાર્મિક સંગઠન, સામાજિક સંસ્થા, ભજન મંડળ દરેક સમાજના યુવા સંગઠનને મીટીંગમાં હાજર રહેવા જણાવેલ છે. મીટીંગ તા. ૧૨મી જુનના રોજ રાત્રે સાડા આઠ વાગે પંચેદવ મંદિર સત્સંગ હોલ, સેકટર-૨૨ ખાતે યોજાનાર છે તેમ રથયાત્રા સમિતિના ખજાનચી શ્રી રજનીકાંત શર્માએ જણાવેલ છે.

# કલાગુર્જરી દ્વારા 'ધીકતાના ધીકતાના' સંગીતમય કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧૧

સંસ્કારી નગરી ગાંધીનગરની કલા પ્રેમી જનતા સમક્ષ અવનવા સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રસ્તુત કરવા હંમેશા પ્રયત્નશીલ ગાંધીનગરની જાણીતી સંસ્થા કલા ગુર્જરી દ્વારા તેના દસમા વર્ષના પ્રથમ કાર્યક્રમ તરીકે ફિલ્મ નિર્માણ ક્ષેત્રે ખૂબ જાણીતી રાજશ્રી પ્રોડકશન્સની લોકપ્રિય ફિલ્મોના કૌટુંબિક ભાવના-પ્રકૃતિ-પ્રેમ અને પ્રાર્થનાથી ધબકતા મધુર અને હૈયે વસેલા યાદગાર ગીતોનો પ્રેમમય કાર્યક્રમ 'ધીકતાના ધીકતાના'નું આયોજન કરવામાં આવ્યું છે. સંગીત પ્રેમીઓ પર પોતાના મધુર કંઠની પ્રભાવી છાપ છોડી જનાર ગાયક કલાકારો હિમાંશુ ત્રિવેદી, આનલ વસાવડા, ચિરાગ દેસાઈ, નૈના શર્મા અને આશુતોષ આર્યના સુરીલા કંઠે ખૂબ જાણીતા અને સૌના માનીતા ગીતો રજુ થશે. કલા ગુર્જરીના સભ્યો માટે આ કાર્યક્રમ તા. ૧૪ જૂન ૨૦૧૬ના રોજ રાત્રે ૯.૩૧ કલાકે ટાઉનહોલ ગાંધીનગર ખાતે યોજાશે. જેમાં ઉપસ્થિત રહેવા તથા નવા વર્ષ માટેનું સભ્યપદ જો ન મેળવ્યું હોય તો હોલ પર જ મેળવી લેવા કલા ગુર્જરીના પ્રમુખ એન.પી. પટેલે સૌને અનુરોધ કર્યો છે.

# સરકારી કચેરીઓમાં ગાડીઓ ભાડે મુકી આપવાનાં બહાને લાખોનું ચીટીંગ

ગાંધીનગર, તા.૧૧

એક વર્ષથી ગાંધીનગર અમદાવાદમાં રેડીયો ટેકસી ચલાવતી ચાર-પાંચ કંપનીઓનું આગમન થતા કેટલાય બેરોજગાર યુવાનોએ લોન કરી કરીને વધુ કમાવવાની લાલચે ગાડીઓ વસાવી તે કંપીઓમાં મુકી દીધી હતી. એક વર્ષમાં તે કંપનીએ પેકેજ બંધ કરી દેતા ગાડીઓ છુટી કરી દેવાની નોબત આવી. એટલે સરકારી કચેરીઓમાં કોન્ટ્રાકટર ઉપર ગાડી મુકવા કાર માલીકો લીંક શોધી રહ્યા હતા. તેમનો લાભ લઈ કોલવડાના એક શખ્સે આવા આઠેક વ્યકિતઓને પકડીને તેમની ગાડી લઈ ભાડે મુકી આપવાના બહાને લાખો રૂપિયાનો ચુનો લગાવી દીધો હોવાનું ધ્યાને આવ્યું છે. સે-૭ પોલીસ મથકમાં આ મામલે ગુનો દાખલ થતા પીએસઆઈ એલ.એસ. ચૌધરીએ મોડી સાંજે આરોપીની ધરપકડ કરી ઈન્ટ્રોગેશન શરૂ કર્યું છે.

ચાંદખેડા આઈઓસી રોડ પર આવેલા માન સરોવર રો હાઉસ ખાતે રહેતા અનીલભાઈ ભવાનીશંકર પંડયાને કોલવડાનો આનંદ ઉર્ફે ઉપેન્દ્રકુમાર નટવરભાઈ ઉપાધ્યાય મળ્યો હતો અને ગાંધીનગર સચિવાલય અને ઉદ્યોગભવનમાં અનીલભાઈની ઈન્ડીકા ગાડી કોન્ટ્રાકટ ઉપર મહિને રૂ.૨૮ હજારના ભાડે મુકાવી આપવા ઓફર કરી હતી. લાલચમાં આવી જઈ અનિલભાઈએ તબક્કાવાર તેમની બે ઈન્ડીકા ગાડીઓ આનંદને ભાડે મુકવા આપી દીધી..! એકાદ-બે મહિના સમયસર ભાડુ આપ્યુ પરંતુ ત્યારબાદ બંધ થઈ ગયું. તપાસ કરવામાં આવી તો તેમની બંને ગાડી કયાંય ભાડે ફેરવવા કોન્ટ્રાકટ પર અપાયેલી ન હતી. બંને ગાડીઓ ગીરો મુકી દઈને તેના રૂપિયા લઈ લેવામાં આવ્યા હતા. આ વિશ્વાસઘાત અને છેતરપીંડી સંદર્ભે અનિલભાઈએ ફરિયાદ આપતા સે-૭ પોલીસે આનંદ સામે ગુનો દાખલ કરી પીએસઆઈ એલ.એસ. ચૌધરીએ આજે સાંજે તેની ધરપકડ પણ કરી લીધી છે. તેના ઈન્ટ્રોગેશનમાં ચોંકાવનારી વિગતો ખુલવા પામી છે કે તેણે આવી બીજી પાર્ટીઓ પાસેથી આઠેક ગાડીઓ પણ લઈને ગીરો કરાવી રૂપિયા લઈ લીધા છે. પોલીસે બે ઈન્ડીકા રીકવર કરીને મોટું રેકેટ બહાર લાવવા સઘન પુછપરછ આરંભી છે.

# શહેરના બજારોમાં જાંબુનું આગમન

ગાંધીનગર, તા.૧૧


ગાંધીનગર શહેરના બજારમાં વિવિધ પ્રકારના જાબુંનું આગમન થઈ ચુંકયું છે.

શહેરના બજારમાં ગીલોડી, પારસ, અને રાવણા પ્રકારના જાબું નું વેચાણ થાય છે. જેમાં ખાસ કરીને રાવણા જાબું ખાસ કરીનો નગરજનોમાં અતિપ્રિય છે. અત્યારે હાલ બજારમાં જાબુંની ઓછી આવકને પગલે એક કિલો જાબુંનો ભાવ રૂ.૧૨૦ છે. જયારે વરસાદ બાદ દેશી જાબુંનું આગમન થતા ભાવમાં વધઘટ જોવા મળે છે. શહેરના વેપારીઓ પાસેથી પ્રતિદિન ૨૦૦ કિલોથી વધુ જાબુંની ખરીદી નગરજનો કરી રહ્યા છે. નગરજનો સિઝન દરમિયાન ૩૦ હજાર કિલોથી વધુ જાબું આરોગી જાય છે.

ગાંધીનગર શહેરના શોખીન જાબુંપ્રેમીઓ વિવિધ પ્રકારના જાબુંનો સ્વાદ માણવા બજારમાં આંટાફેરા મારી રહ્યા છે. જાબું એ એક માત્ર ફળ નથી પણ ઘણી બધી બિમારીઓમાં રામબાણ ઈલાજ છે તેનો મેડીસીન તરીકે પણ ઉપયોગ કરવામાં આવે છે. જાબું ડાયાબિટીસ, શરદી-તાવ, પાઈલ્સ, ડાયરીયા, લીવર અને ડિસઓર્ડર જેવી બિમારીઓ સામે રક્ષણ આપે છે. પરંતુ જાબું જરુર કરતા વધારે ના ખાવા જોઈએ. ભારતના કેટલાક



રાજયમાં જાબું ડે તરીકે ઉજવાય છે કારણે કે બાળકો અત્યારે હાલ જંકફુડ ખાવાનું પ્રમાણ વધ્યું છે. જેથી બાળકોને સિઝનેબલ ફળફળાદી અને શાકભાજી ખાવા માટે પ્રેરીત થાય છે. ખાસ કરીને હદયની ધમનીઓમાં કોલેસ્ટ્રેરોલનું પ્રમાણ વધતુ અટકાવવા માટે જાબું અકસીર ઈલાજ હોવાથી નાગરીકો વધુ પસંદ કરે છે. ત્યારે નગરના બજારોમાં છેલ્લા એક મહિનાથી વિવિધ પ્રકારના જાબુંનું આગમન થઈ ચુંકયું છે. જાબુંનો સમયગાળો મે થી જુલાઈ માસ સુધીનો હોય છે ત્યારબાદ બજારમાંથી જાબું ગાયબ થઈ જાય છે.વેપારીઓના જણાવ્યા મુજબ અત્યારના સમયમાં ખાસ કરીને ઘરાકી જોવા મળતી નથી રોજના ૨૦૦ કિલો જાબું વેચાય છે. કારણે કે ગીલોડી, પારસ, રાવણા જાબુંનો ભાવ વધુ હોવાથી સામાન્ય નાગરીકોને પોસાતો નથી જ્યારે રથયાત્રાના સમય દરમિયાન દેશી જાબું આવતા ભાવમાં વધઘટ જોવા મળે છે. તે સમયે રૂ. ૩૦ થી ૬૦ ના ભાવે કિલો જાંબુ વેચાય છે. જાબું ખાસ કરીને વડોદરા સાઈડથી વધુ આવે છે. ઉનાળાની ગરમીને પગલે જાબુંની આવક ઓછી હોવાને કારણે ભાવ વધારો જોવા મળે છે. ત્યારે ખાસ કરીને રાવણા જાબું નગરજનો વધુ પસંદ કરે છે. શહેરના બજારમાં મળતા વિવિધ પ્રકારના જાબુંની ખરીદી કરીને નાગરીકો સિઝનેબલ ફળફળાદીની મઝા માણી રહ્યા છે.



ઉનાળામાં ગરમીએ તમામ રેકોર્ડ તોડી નાંખ્યા છેત્યારે ચોમાસુ પણ ધમાકેદાર એન્ટ્રી લેશે તેવી હવામાન ખાતાની આગાહી છે. જેને પગલે શહેર તથા આસપાસના વિસ્તારોમાં પુર જેવી સ્થિતિ ઉભી થાય તો તેવા સંજોગોમાં બચાવ કામગીરી શ્રેષ્ઠ રીતે થઈ શકે તે માટે ગાંધીનગર ફાયર બ્રિગેડની ટીમ દ્વારા બોટ ટેસ્ટીંગ કરવામાં આવી હતી. પુર્વ તકેદારીના ભાગ રૂપે ઈન્દીરાબ્રિજ નીચે નદીના પાણીમાં ફાયર ઓફીસર મહેશ મોડે ઈન્ફલેટેબલ બોટ ઉતારીને તેનું ટેસ્ટીંગ હાથ ધર્યું હતું.

## ચિરવિદાય

- સ્વ. ઠાકોર પ્રકાશભાઈ શંકરાચાભાઈ, ઉ.વ.૩૨
- સ્વ. પ્રજાપતિ સવિતાબેન રામાભાઈ, ઉ.વ.૫૭
- સ્વ. ઠાકોર પુંજાજી ભીખાજી, ઉ.વ.૬૫
- સ્વ. જોશી ભૂપતરાય જયંતિલાલ, ઉ.વ.૮૦
- સ્વ. દંતાણી જયેશભાઈ કચરાભાઈ, ઉ.વ.૫૮